# સંવેદન કલ્ચરલ પ્રોગ્રામ - રેપટરી
# રજૂ કરે છે

*આપણા પરંપરાગત અને રૂઢિવાદી સમાજનાં છેવાડાનાં અંધકારમાં જીવતી અને કમોતે મરતી નારીની વેદનાને તાદૃશ્ય કરતી ગુજરાતનાં અગ્રણી દલિત કવિ શ્રી સાહિલ પરમારનાં કાવ્યની જીવંત નાટ્ય પ્રસ્તુતિ.*

***(ચાલીઓમાં જીવન ગુજારતા એક સામાન્ય પરિવારની વહુ પોતાની રોજબરોજની દિનચર્યા પ્રમાણે ઘરકામ કરતી હોય છે અને કામ કરતાં દરમિયાન ઉતાવળમાં હાથમાંથી રકાબી છટકી જાય છે અને રજનું ગજ થાય છે.)***

સૂત્રધાર : તડાક્ ધઈનઅ્ તૂટી ખણણ ખણણ

કકડા પથરા પર વેરાણા... લક્ષ્મી વઉં તો હબકી જઈ ઝડપ કરીનઅ્ કટકા વેરાણા... ભેગા કરીનઅ્ નાખ્યા ડબ્બામઅ્ દયણાના -

વિચાર્યું, દયણું દળવા જાયે નઅ્ તાણઅ્ કોઈનાં ભાળઅ્ ઈમ નાખી દીયે બા'ર... પણ ઓહરીમઅ્ બેઠેલી હાહૂના હરવા અતા બઉ કાન વાયરલેસ જ્યો પ્હોંચી કાને

(સાસુનો પ્રવેશ)

સાસુ : અલી લખડી હૂં ફોડ્યું તેં? ચમચી જેવી ડોળા દીધા નહિ ભગવાને?

લખમી : કાય નહિ મા, રકાબી મૂકવા જતી'તી ત્યાં તો ઉંદેડી પગ પરથી દોડી - રકાબી છટકી હાથમાંથી એટલઅ્ ફૂટી.

સાસુ : ફૂટઅ્ નૈ હોંશની ડોળા તારા...

ઉંદેડી તો બાનું ખાલી, મનઅ'ય ખબર પડસ ઓવઅ્

ડુંગળી જેવા ડોળા તારા નહિ રતા ઠેકાણઅ્

ભઠિયાની તું હાવ બળેલી

તળિયાની તું હાવ તૂટેલી, બીજું કાય નાં જાણઅ્

બસ પ્હોળા થઈનઅ્ પડી રવું છઅ્... વધારે જવા છઅ્ લળધા, ગધ્ધી રાંડો આજકાલની કરવાની હૂં ઈમનઅ્ બોલ 'લી, તેં હંતાડ્યા ચાં કટકા?

લખમી : ચાય નહી હંતાડ્યા. પેણે ખૂણામઅ્ મૂક્યા છઅ્ વેણી અમણઅ્ કચરો કાઢતઅ્ ઈનઅ્ નાખી દીયાએ.

સાસુ : (લખમી ઉપર ધસી જઈને વાક્ય પૂરું થાય એ પહેલાં) હોવ, નાખી દીયાએ, બોલ્યા નાખી દીઆએ, કાય આયુ તું જોર? નોહોં નંદવઈ જઈ છઅ્ પેટે પાટા બાંધીનઅ્ આજ છી ચલાયુ, તારો બાપો ન'તો આયો આલવા!

હૂં આલ્યું છઅ્ તારા બાપે?

કોઠા આલ્યા તારા બાપે?

વાઢીન વાઢીન ભારા આલ્યા તારા બાપે?

બઉ વરસી જ્યો બાપો તારો બઉ વરસી જ્યો...

તૈણ વરહની છોડી થૈનઅ્ તો ય ઝીયારું રયું લટકતું!

ઓહોહોહો... બાપો તારો બઉ વરસી જ્યો!

લખમી : (મક્કમતાથી) જુવો મા. પ્હેલઅ્થી કઈ દઉં છું. મારા બાપાનઅ્ કાંય નૈ કે'વાનું જાનઅ્ કો'નઅ્ જે કે'વાનું હોય એ. મારા બાપાએ બગાડ્યું હૂં... તમારું?

સાસુ : (આશ્ચર્યથી) ઓહોહોહો... જીભડો વધ્યો છઅ્ કાંય, હામું બોલસ 'લી. ગધ્ધીની છોડી મારી હામું બોલઅ્ છઅ્ 'લી.

હાંભળઅ્ છઅ્ ગોમલી? જોનઅ્ આ સેઠાણી હામું બોલસ મારી હાહૂં મારી થૈનઅ્ આઈ હોય ઈમઅ્ આ તો હામું બોલઅ્ કાંય તડાકા લૈ લૈનઅ્!

લખમી : જુઓ તમારા રોજરોજના ચેકલાઓથી ત્રાસી જઉં છું.

ઉંદેડું અગઅ્ નઅ્ તોય ચેકલા

ગરોળી ફરઅ્ નઅ્ તોય ચેકલા

બિલાડી ચઢનઅ્ નઅ્ અભરાઈ પરથી પડઅ્ વાટકી તોય ચેકલા.

ગોદડું બા'ર હૂંકાતું ગાય ખાય નઅ્ તોય ચેકલા.

તૈં દા'ડા મો'રે તૂટ્યું તાંહણું તમારા હાથે ઈનો કાંય વાંધો નૈ

મારા હાથે ફૂટી રકાબી – તરત ચેકલા!

ઈસ્ત્રી કરતઅ્ બુશોટ બળી જ્યો, જગદીશભાઈના હાથે કાંય વાંધો નૈ

મારા હાથે ફૂટી રકાબી – તરત ચેકલા!

સૂત્રધાર : વઉ-હાહૂની હાંભળી જીભા-જોડી લોક થઈ જ્યું ભેળું તમાશો જોવા. આસપાસનાં બધાં પડોશી ઉમટ્યા, તાલ ખરો જામ્યો છઅ્, હાળો વગર પૈસાનું નાટક!

ખેલ ખરો જામ્યો છઅ્ જોવા જેવો... ડોસી બોલઅ્ :

સાસુ : (પરાવા ગાતાં ગાતાં – બાજુમાં રહેતી ગોમી ડોસીને સંબોધતાં) જોનઅ્ ગોમલી, આ તો આપડી ઉપર આપળા ગુના હોધી હોધીનઅ્ આ તો આપણનઅ્ દબડાવઅ્.

પાછી રોઈ ફજેતો કરીનઅ્ આ તો પાછા પાડઅ્.

બઉ શાણી છઅ્ સીતાની બુન, આ બઉ શાણી છઅ્...

ઘરવાળાનઅ્ હાથમઅ્ રાખઅ્ લટુડા-પટુડા કરનઅ્ એવા ભઈ બિચારો ભરમઈ જ્યો છઅ્..

ભાવીનઅ્ બૈરાના કૂલા ભઈ તો પડી જ્યા છઅ્ ભૂલા

કુંભારજાની ખબર નહી કાંય ભૈનઅ્ ભઈ તો ભરમઈ જ્યો છઅ્

ઈની જ આંખે એ ભાળઅ્ છઅ્.

વિનિયો : (કારખાનેથી કામ કરી કંટાળીને આવ્યો છે. હાથમાં ટીફીન છે, પત્ની અને મા બંને સામે જોઈને પાણિયારા તરફ પાણી પીવા જાય છે.)

સાસુ : લ્યો... યાદ કર્યો નઅ્ આઈ જ્યો આ રામબાયલો! આવરદા તો બઉં મોટો છઅ્ હું કરવાનો...?

બૈરાની આગળ તો પાદી'ય હકાતું નહિ મોટા આવરદા નઅ્ કરવાનો હૂં?

(વિનિયો ઉત્તર આપ્યા વગર ઘરની ઓસરીમાં જઈ ઊભો રહે છે.)

સાસુ : (ઉતાવળથી ઘરની બહાર નીકળી પાછી વિનિયાને) ખબર ન'તી કઅ્ ભઈ બદલઈ જવાનો બૈરું ભાળીનઅ્. ઈની આંખે જોવાનો. ઈના ઈસારે નાચઅ્ આ તો. ઈનું પઢાયું બોલઅ્.

બૈરાનઅ્ મન ફાવતું મળઅ્ આય આપળે જુત્તાઓના તોલઅ્!

(વિનિયો ઓસરીના બીજા ખૂણે ધસી જાય છે, દુવિધામાં છે.)

સાસુ : (વિનિયા તરફ ધસી જઈ લખમીને ચીંધીને બોલે છે.)

ફોડઅ્ ઢોળઅ્ નઅ્ તો ય કાંયે કે'વાય નૈ!

ઘરમઅ્ ભજવાડ કરઅ્ તોય કાંયે કે'વાય નૈ!

આડું-અવળું બોલઅ્ તોય કાંયે કે'વાય નૈ!

તડાક લૈનઅ્ હોંસ હડસેલા મેલઅ્ નઅ્ તોય કાંય કે'વાય નૈ!

(બબડતી બબડતી)

ઘરમઅ્ રંડીનું રાજ થયું છઅ્ દેસમઅ્ ચાલઅ્ સોનલાનું!

ઓંય લખમીનું રાજ થયું છઅ્.

સૂત્રધાર : લોકો વારઅ્ નઅ્ તોય ડોસી જપઅ્ નૈ હાહ ય ના ખાય નઅ્ બોલઅ્ :

સાસુ : (લખમી ઉપર ધસી જાય છે ને જોર-જોરથી ડફલે છે.)

જાટલેમનની છોડી આ તો રંડી જાણઅ્ લાટ ગવંડરની બેટી!

રંડી જાણઅ્ પ્હોળા પ્હોંચતા સેઠની છોડી!

રંડી જાણઅ્ આખ્ખા ય ઘરની રાણી... અનઅ્ ભઈ તો બચારો હાવ પોચકો.

(વિનિયા તરફ જાય છે.)

હજડાનઅ્ ય કોક દન પાણી ચઢઅ્ આ તો હાવ ટાઢોબોળ કાંય અસર ના થાય.

તારા બાપાનઅ્ જોતઅ્ તું કાંય નૈ તારો બાપો તો હાચો મરદ લ્યા.

(ભૂતકાળમાં સરી પડે છે.)

(પોતાના પતિ દ્વારા થયેલી યાતનાઓનું દૃશ્ય તેની આંખોમાં તરવરી ઉઠે છે.)

કોઈ દન મારાથી તો બોલી હકાય નૈ ઊંચા અવાજે

ઉના ગુના ના થાય એકકી એક હાડકું ખોખરું થૈ જાય.

તો ય રોઈ ના હકાય.

(ધીમે ધીમે વિનિયા તરફ જાય છે. પાછી એ જ રંગમાં આવે છે.)

તાણઅ્ ચાલતું'તું ઘર...

આવી રીતે તો વળી થતા અસે ઘરે?

આવી રીતે તો વળી ચાલતા અસે ઘર?

આવી રીતે તો વળી બૈરાં હતા અસે?

તારા બાપાની અડધી કળાય નહીં તારમઅ્ દેખાતી

ઢાંકણીમ પાણી લૈન ડૂબી મર, એક તો ના રૈ આ બીજી ય નૈ રેઅ્.

(એટલું કહીને ડોસી પછી રોવાનું નાટક કરે છે.)

તારા જેવો રામબાયલો પાક્યો મારી કૂખે

તારો બાપો નહીં તે બધું હાભળવું પડતું, ઠેબા ખાવા પડતા.

(માથું કૂટે છે.)

ઓ રોમ, તમે સરગમઅ્ નઅ્ ઉ નરકમઅ્. તમે નહીં કઅ્ મારઅ્ ઠેબા ખાવા પડઅ્ છઅ્. ઓ રોમ, મન તમારી જોડે બોલાઈ લ્યો!

(વિનિયો ભયંકર ગુસ્સામાં છે. કૂતરાની જેમ લખમી ઉપર તૂટી પડે છે.)

સૂત્રધાર : અનઅ્ પછી તો ભઈનઅ્ ચડ્યું હૂરાતન – જાગ્યું જાગ્યું

ભઈનામઅ્ હૂરાતન જાગ્યું.

કાળઝાળ થઈ ભાયડો છૂટ્યો!

માતેલો કોઈ આખલો છૂટ્યો!

તીર છૂટઅ્ કોઈ ધનુષમાંથી એવો મરદ મુછાળો છૂટ્યો!

બંદૂકમાંથી ગોળી છૂટઅ્ એવા વેગે મરદ કરી હૂરાતન છૂટ્યો!

ધાડ પડનઅ્ નઅ્ બૂંગિયો વાગઅ્

શૂરા પૂરા હૌ, રક્ષણ કરવા દોડઅ્ એવો

પુરુસાતનનું રક્ષણ કરવા ક્રોધભર્યો વીર વિનિયો છૂટ્યો!

કોઈનો રોક્યો ના રોકાણો, કાળભર્યો બળવંતો છૂટ્યો!

વિનિયો : મરદનઅ્ હમજી હું બેઠા લ્યા?

સૂત્રધાર : નર બઉં હિંમતવાળો છૂટ્યો!

થર થર ધ્રુજતી લખડી ઉપર ઝપટ લગાઈ તૂટ્યો!

જાણે હમડી તૂટી નાગ પર, એવો મરદ મુછાળો તૂટ્યો!

બકરા ઉપર સિંહણ તૂટઅ્ એવો આ બળવંતો તૂટ્યો!

બિલાડા ઉપર કૂતરી તૂટઅ્ એવો લખ્ખણવંતો તૂટ્યો!

ઉંદર ઉપર બિલાડી તૂટઅ્ એવો મરદ મુછાળો તૂટ્યો!

બાલ ઝાલીનઅ્ ખૂણામઅ્ હણફી બૈડામઅ્ એક ઘૂંબો મેલ્યો

ડાચા ઉપર દીધો તમાચો, છાતીમાં એક ઠૂંઠો મેલ્યો

હમળી હોલા ઉપર તૂટઅ્ એવો બા'દૂર મરદ તૂટ્યો!

લાતંલાત, ધ્રુમ્બમ્ ધ્રુમ્બા… કુંદમ્ કુદા…

લખમી : મારી નાખો, દબાઈ દો ગળું,

મારી નાખો, મરી જવું છઅ્ આજ તો મારઅ્.

(વિનિયો પાછો લખમીનો પડકાર ઝીલી લખમીને ફદોડી નાખે છે.)

સૂત્રધાર : લખડી જાણ જીદ પર આઈ, ચારે જણાએ ઝાલ્યો તોયે ભઈ તો ના હાથો રઅ્.

લખડીનો પડકાર હાંભળી રોમ રોમ મઅ્ ભઈનઅ્ છૂટ્યું હૂરાતન પાછું!

મરદાનગી આખાય જગની જાણે ભરઈ જઈ હાથમઅ્!

મુઠ્ઠી વાળીન એક મુક્કો ઠઠાડ્યો ઈને લખડીનાં પેટમઅ્.

લખડીનાં મુઢામાંથી ફુવારો લોઈનો છૂટ્યો.

ફાટી જ્યાં ડોળા, ભઈ ઠંડા પડઅ્ નૈ તોય ચાર ચાર જણાએ ઝાલ્યો તો યે

ચાર ચાર જણાએ ઊંચો કરીનઅ્ ઈનઅ્ હડસેલ્યો બા'ર...

પથ્થર ઉપર ચત્તીપાટ પડેલી લખડી કૂતરાએ ફદાળી નાખેલી બિલાડી જાણઅ્

કોઈએ ઈનઅ્ પંખો નાખ્યો, કોઈએ માથઅ્ છાંટ્યું પાણી.

ડોસી ય હાંફળી ફાંફળી થૈ જઈ

'ડૉક્ટરનઅ્ કોઈ ના બોલાવશો,

અમણઅ્ આઈ જસે ભાનમઅ્

પવન આવવા દો જરા, આઘા ખસો લ્યા જરા!

હવા આવવા દો જરા, અમણ આઈ જસે ભાનમઅ્.'

(વિનિયો જાણે બહાદૂરીના કામમાં જાણે ઉત્તિર્ણ થયો હોય તેવા ભાવે માની સામે જોઈ રહ્યો છે.)

સાસુ : (લોક દેખામણી માટે વિનિયાને ભાંડે છે અને રોવા બેસી લખમી સાથે સંવેદનાનો ઢોંગ કરે છે.)

એ ભગવાન, આ સુ થઈ જ્યું! મારી દીકરી જેમ રાખું છું, આટલો નિર્દય ના બન, લ્યા લખમી પોંણી પી લે બેટા...

સૂત્રધાર : પંદર મિનિટ પછી ભઈ લખડી ભાનમઅ્ આઈ

ડોસીના જીવમઅ્ જીવ આયો કઅ્ લખડી ભાનમઅ્ આઈ

ભૈની મરદાનગી ભોંઠી પડી કઅ્ લખડી ભાનમઅ્ આઈ...

પણ તોય

હાહૂ તો કદી માફી માંગતી અસે?

સાસુ : હેંડો અવઅ્ બ'ઉં થયું સોના-મોના અંદર જઈનઅ્ કોમ કરો!

સૂત્રધાર : મરદ તો કોઈ દા'ડો નમતો અસે?

વિનિયો : હાંભડ, હું કારખાને જઈ આવું સું.

રાંધીને રાખજે... અનઅ્ ના રાંધવાની હોય તો જતી રેજે તારા બાપના ઘેર!

સૂત્રધાર : મનમઅ્ બઉ થાય બા'ર અક્કડ અક્કડ!

કઅ્ લખડી ભાનમઅ્ આઈ.

ઈને કરેલા ઢૂંમ ચેવી ભાનમઅ્ આઈ!

આ તો સ્ત્રીનું ચરીતર એવી ભાનમઅ્ આઈ!

આ તો રોજનું થયું લ્યા, આ તો રોજનું થયું!

જાણે બન્યું ના કાંય ઈમ હૌ હૌના કામમાં ભરાણા

હારી હારી વાત કૈન લોક બધું વીખરાયું

હૌ હૌના કામમાં રોકાણા પણ

વીતી હોય જેના પર ઈનું મન ચાય લાગઅ્?

લખડીની આંતડી કકડી ઉઠી.

લખડી : મારું જીવવું છઅ્ રાખ.

કુટાવું – ધીબાવું ભૂંડી પઠમ

બળ્યો સ્ત્રીનો અવતાર!

મેં તો હું યે કરેલા અસે પાપ

મળ્યો સ્ત્રીનો અવતાર!

મેં તો ધાવતા વછોડ્યા અસે બાળ

  મળ્યો સ્ત્રીનો અવતાર!

મેં તો કરમો કરેલા અસે કાળાં

  મળ્યો સ્ત્રીનો અવતાર!

મારી મા, આજ છેલ્લા જુહાર

જતઅ્ જતઅ્ ય મેળાપી નૈ થાય

માડી છેલ્લા જુહાર

તારી કુખે ધરેલો અવતાર

માડી, તેં તો સુખેથી ઉછેરી

મનઅ્ કોઈ દન ખસ નહીં કીધું

મનઅ્ દુઃખ ય નહીં પડવા દીધું

મુ તો એકની એક લાડવાયી

મનઅ્ લાડ ને કોડે ઉછેરી

મનઅ્ લાડે ને કોડે વળાઈ

બાપા, તમે તો રોયાતા બઉં

મનઅ્ ગળે લગાઈ.

અવઅ્ છેલ્લી વારકુય રોઈ લેજો.

બાપા, છેલ્લી વારકુય રોઈ લેજો.

અવઅ્ કોઈ દન રોવડાવવા મુ નહીં આવવાની.

મારી  મા,

આજ છેલ્લો ડખો, મારા જીવતરનો માન

આજ છેલ્લો ડા’ડો મારા દુઃખનો હા જાણું

બઉં દુઃખી જીવતર

મારા પૈણ્યા મનઅ્ તે ના હાચવી

રોજ રોજ મારઝૂડ, નેની નેની વાતોના રોજે ડખા

વેમા, વાનો તો નૈ પાર!

મુ તો રીહઈનઅ્ ચેટલી વાર જઉં?

મારા પિયરમઅ્ ચેટલા દન રઉં?

તો ય કંટાળી ત્રાસીનઅ્ છૂટી થઈ જઈ.

લીધું લખણું ન બીજે દોરાંણી

મુ તો ઉલમાંથી ચૂલમાં ફસાણી

મારા બાપ!

મુ તો ઘરની બળેલી જઈ વનમઅ્

ન વનમઅ્ તો લાગી જઈ લા’ય

આ તો નાતરું ય પાર નૈ પડઅ્

અવ રીહઈન પિયર નૈ આવું

નહીં લખણું લેવું.

નહીં ફરીથી નાતરું કરવું મારી મા!

મારી કાયાનઅ્ ચેટલી ચૂંથાવું!

આજ છેલ્લો ઉપાય બળ્યું જીવવું બેકાર

મારા વીર!

બઉ ઓશિયાળો સ્ત્રીનો અવતાર!

જ્યા દોરઅ ત્યાં દોરાવું

લઈ જાય ત્યાં જવું

ને કે ઈમ કરવું

તાબેદારી છઅ નરી તાબેદારી

હાળુ નરક હારુ હોય આનાથી!

આ તો નરકથી ભૂંડી છઅ દુનિયા ખદબદ

પેલા ભૂંડની પઠમ દોડઅ્ આ દુનિયા

ઈનઅ્ પૈસાથી કામ

લેવા દેવા માણસ જોડે કાંય નૈ

લાવો લાવોની લ્હાય-આલો આલોની લ્હાય

કદી હમજઅ્ ના કાંય

આ તો વેળાવેળાની છઅ્ છાયળી

મારા બાપાનું આમ મોટું ખોયડું ગણાતું

પણ પડતી વેળા ઈમની થઈ

માથઅ્ દેવાનો ડુંગર ખડકાણો

કરઅ્ ઝીયારું ચાંથી - એ રૂપિયા લાઈન

ઈની જોડે અતું એટલું આલ્યું

આ તો હમજઅ્ ના કાંય

લાય લાયની જ લ્હાય

લે લૈ લે આ જીવ - આજ આલી દઉં જીવ

પછઅ જીવડો ઈનોય ધરાસે

જીવ અવગતિયો થાય - ભલે થાય

મારો નરકથી છૂટકારો થાસે

સૂત્રધાર : ઓહરીમ બેઠેલી ડોસી હમજી કઅ્

સાસુ : માની જઈ વઉ હેંડો હારું થયું હેંડો હારું થયું!

સૂત્રધાર : પણ ઈનઅ્ ખબર નહીં આતેંડી લખડીની કકળી છઅ્ આજ એ તો કરતી કલ્પાંત.

લખડી : મારી ટીનીનું હું 'ત્રણ વરહની ટીનકી માથઅ્ દુઃખના જંગલ ઉગસે. ના... ના... એવું તો નૈ થવા દઉં દીકરી એવું તો નૈ થવા દઉં.

તનઅ્ એકલી મુકીનઅ્ નૈ જઉં.

આ તો દુનિયા બેકાર - બળ્યો આવો સંસાર

આંય જીવવામાં કાંય નહીં સાર.

મારી દીકરી - આવી દુનિયામાં નહિ રે'વું.

બળ્યો સ્ત્રીનો અવતાર.

આવા ઓશિયાળા જીવતરનઅ્ નહિ સ્હેવું?

નાના દુઃખી તનઅ્ થવા દેવી નહીં.

આજ મા-દીકરી બે યે હંગાથ મોટા ગામતરે જાવું!

(અચાનક વચગાડીયાની યાદ આવે છે.)

તારું નખ્ખોદ જજો રે! વચગાળિયા, મનઅ્ આવા ઠેકાણે હલવાડી, મનઅ્ કૂવામઅ્ દીધી ઉતારી

મારી ચારે બાજુએ અંધાર આવા અંધારે ચેટલું કૂટાવું?

નહીં રસ્તો બીજો - નહીં રસ્તો બીજો.

આજ મા નઅ્ દીકરી બે હંગાથ મોટા ગામતરે જાવું!

મારી મા!

મારા બાપ!

મારા વીર!

આજ છેલ્લા જવાર!

(લખમી ઘરની સાંકળ મારે છે પોતાના શરીર ઉપર અને ટીનકી ઉપર કેરોસીન છાંટે છે અને દીવાસળી સળગાવી ચાંપે છે. લોકો ભેગા થઈ જાય છે. બુમરાડ મચી જાય છે. લોકો બાયણું તોડી નાખે છે.)

વ્યક્તિ-૧ : અલ્યા લખડી હળગી, લખડી હળગી!

સાસુ : અલ્યા બાયણું તોડો, જલ્દી કરો! મારી લખડી, મારી દીકરી!

સૂત્રધાર : ભડ.. ભડ.. ભડ... ભડ... ભડકો મોટો ભડ..ભડ..ભડ..ભડ.. ભડકો

લખડી હળગી, લખડી હળગી, બૂમ મચી જઈ

બાયણાન્ જોર કરી ઠેલઅ્ લોકો પણ બાયણું તો બંધ

– અવઅ્ ખૂલતું અસે?

લખડીના જીવતરનું – બાયણું થયું બંધ.

ટીનકીનાં જીવતરનું – બાયણું થયું બંધ.

બંધ બાયણે ભડકા ભડકા ટીનકીની તીણી તીણી ચીસ

લખડીની રાડ ઉપર રાડ બ્હાર જામ્યો છઅ્ શોર

અલ્યા બાયણું તોડો – કરો જોર.

તૂટ્યું બાયણું મૈં પેહી ગ્યું લોક જોયું લખડી હળગઅ્ જોયું, ટીનકી હળગઅ્

કોક લાયું ખાટલા પરથી ગોદડા ઈનઅ્ નાખ્યા ટીનકીની ઉપર

ઈનઅ નાખ્યા લખડીની ઉપર

લોક પામી જ્યું ત્રાસ... લોક પામી જ્યું ત્રાસ.

વ્યક્તિ-૧ : લ્યા પાણી પીવડાવો લખડીનઅ્ પોણી પીવડાવો.

વ્યક્તિ-૨ : છોડી બચારી તો મરી જઈ છઅ અજુ રાંડમઅ્ છ જીવ, લ્યો લોટો ભરીન ઈનઅ્ પાણી પીવડાવો.

(સાસુ પાણી લઈ આવે છે.)

સૂત્રધાર : લોટો ભરીન પાણી આયું લખડીએ ના પીધું પીવડાવવા બઉ

કર્યું જોર પણ લખડીએ ના પીધું!

કરવા માંડ્યું નાટક ચેવું કરવા માંડ્યું નાટક

કોઈએ ટાંકી પ્રાઈમસની તોડી, એક જણો બન્યો મે'માન.

રકાબીઓ તૈણ-ચાર જમીન ઉપર મૂકી.

ધોળી મોટર- આઈ નઈ એમ્બ્યુલન્સ આઈ.

લખડીનઅ્ દવાખાને લીધી. ટીનકીનઅ્ દવાખાને લીધી.

દવાખાનામ કેસ નોંધાયો, પોલીસ બેઠી લખવા.

પોલીસવાળો : વિનિયા, આ કેવી રીતે બન્યું? તું ક્યાં હતો, બનાવ બન્યો ત્યારે?

વિનિયો : ભૈસાબ. સાહેબ કારખાને જ્યો તો. (અચકાતાં – ડરતાં ડરતાં)

અકસ્માતનો કેસ છઅ્ આ તો પ્રાઈમસ હળગાવવા જતઅ્

કેરોસીનની ટાંકી તૂટી જોડે ટીનકી રમતી'તી. લખડી પ્રાઈમસ ઉપર ચા બનાવતી 'તી. જોડે

ગોદડા હળગ્યા એ બે'ય ઊભા માડ્યા લાગવા, ભેળું થ્યું બધ્ધુંય લોક બચાવવા બ'ઉ કોશિશ કરી
પણ છોડી તો ત્યાંની ત્યાં ખલાસ થઈ જઈ!

સાસુ : વઉમ્ અજુ છઅ્ જીવ, બે'ય નઅ્ આય દવાખાને લાયા.

પોલીસવાળો : સાચે સાચ્ચું બતાવજે વિનિયા!

વિનિયો : બોલસો – ચાલશો ના કાંય, લ્યો આ રૂપિયા

આખોય કેસ અકસ્માતનો બનાવી દો!

(પોલીસવાળો પૈસા લઈ લે છે અને વિનિયાને છોડવાની પ્રોત્સાહન આપે છે.)

સૂત્રધાર : પેણઅ્ લખડીનું દુઃખ લખડી કણસ્યા કરઅ્.

લખડી બૂમો પાડઅ્ થોડી થોડી વારે ઉંકારા કરઅ્.

ઈનઅ્ ભાનમઅ્ આવવાની વાટ જોઈ ડૉક્ટર – જમાદાર બે'ય બેઠા ઈની સારવાર ચાલઅ્ આયુ
થોડું ઈનઅ્ ભાન.

ડૉક્ટર : ઈન્સ્પેક્ટર પેસન્ટને ભાન આવી ગયું છે. તમે મળી શકો છો.

(પોલીસવાળો લખમીની જુબાની લખે છે.)

લખમી : મારી હાહૂ કજાળ મારો ઘરવાળો હાવ જ માવડિયો

મારું હાંભળઅ્ ના કાંય ડોસી ડફલ્યા કરઅ્

મેં તો બઉ દા'ડા બોલીઓ હાંભળી મેં તો બઉ દા'ડા ખાધા કરી

મારા પણ રવાયું નૈ

મારા હાથે ઘાસલેટ છાંટી હળગી જોડે ટીનકીનઅ્ યે મેં લગાડી

મારી હાહૂ નઅ્ ઘરવાળા બેય નઅ્ કરાવો જેલ ઘાણીએ – ઘાલીનઅ્ કઢાવો તેલ.

(લખમી ઉંકારા કરતી મરી જાય છે.)

સૂત્રધાર : બીજા દા'ડાઅ્ છાપામઅ્ ચાંક અંદરના પાને કોક ખૂણામઅ્ આવા હમાચાર –

'તૂટ્યો પ્રાયમસ ને સળગ્યા મા-દીકરી'

લખડી તો તડપી-તડપીનઅ્ મરી!

લખડી તો બઉ ભૂંડા મોતે મરી!

લખડી તો બઉ બૂમાબૂમ કરતી મરી!

લખડી બરાડા બઉ પાડતી મરી!

દોઢ દા'ડા હુદી ત્રાસ વેઠ્યો ઈને લખડી તો બઉ ભૂંડા મોતે મરી!

બીજા દા'ડાઅ્ પિયરિયા આયા ઈના. ત્યો હૂદી તો ઈની જુબાનીનો જ્યો કાગળ પલટઈ! ઈની જુબાનીનું કાગળ જ્યું ફઈ-ભઈ પૈસાનું કામ પૈસાનું કામ પૈસો જોઈનઅ્ તો મુનિવર ફરઅ્.

પૈસો જોઈનઅ્ તો મોટા મા'તમા ફરઅ્.

પૈસા પાછળ આખી દુનિયા ગોંડી

ઈમઅ્ લખડીની જુબાનીનું હૂં?

લખડીની જુબાની વ્હેલી હવારમાં પડેલો ઠાર

પાણીની ઉપર પાડેલા અક્ષર, સાઈકલમઅ્ પડઅ્ પંચર

જાઅ્ ખબર પડઅ્ ના ઈમ નેહરી જતી હવા.

હવામઅ્ વાત ચાંક થાય ઈનો બાપો હાંભળઅ્

લખડી તો દુઃખથી ત્રાસી બળી ઈના બાપાના ફૂક્યા કોઈએ કાન

લખડી કંકાહથી કંટાળી કેરોસીન છાંટી મરી

ઈનો બાપો તો ક્રોધે ભરાણો –

અમથો : બેન્ચોદનઅ્ એક્યનઅ નૈ છોડું

સૂત્રધાર : એ તો ઊભો ન ઊભો હળગઅ્ રાતો પીળો થૈનઅ્ હળગઅ્

આયો દવાખાને પણ...

આગ ચોંક લાગઅ્ નઅ્, લાયબંબાવાળાઓ હાજર થૈ જાય ઈમઅ્

હાજર થૈ જેલા પંચાતિયા!

જંગલમઅ્ પ્રાણી કોઈ મરઅ્ નઅ્ વગર બોલાયા તૂટી પડઅ્ ગીધડાં એવા તૂટેલા પંચાતિયા!

ઈમના નાક તો કૂતરાના નાકથી ય તેજ

સ્હેજ ગંધ આવઅ્ નઅ્ હાજર થૈ જાય એક હામટા!

(બે વયોવૃદ્ધ વડીલો જેઠો અને મેઠો ચાંપલુસી કરતા કરતા પ્રવેશ કરે છે. અંદર-અંદર ચર્ચા કરતા જાય છે. અમથાની બાજુ-)

દહ ગઉના છેટેથી દેખાય કશુંક હાજર થૈ જાય એકહામટા!

આંટકાટિયા બઉ આ પંચાતિયા!

હાચાનઅ્ જુઠું નઅ્ જુઠાનઅ્ હાચું બનાવઅ્ પંચાતિયા!

ધારઅ્ તો હીજડાનૂ પૈણાવઅ્ પંચાતિયા!

ખાય ઈનું બોલઅ્ પંચાતિયા!

હાચજૂઠ બેય એક દાંડીથી તોલઅ્ પંચાતિયા!

પાઘડીના આંટા તો હૂં?

એથી'ય વધારઅ્ આંટાળા પંચાતિયા

ઈમના આંટામઅ્ ફસાણો લખડીનો બાપ!

જેઠો : રોમ રોમ અમથાભઈ!

મેઠો : રોમ રોમ અમથાભઈ! ભઈ હાંભડીનઅ્ બ'ઉ દુઃખ થયું હો...

જેઠો : અલ્યા અમથા! ભઈ ધેમો થા, બાપલા, જરા ઠંડા મગસથી વિચાર, તારી છોડી તો જઈ.

અવઅ્ પાછી થોડી એ આવવાની?

મેઠો : મા-દીકરી બેઉનઅ્ તું કરાવઅ્ જેલ એથી છોડી તારી પાછી થોડી આવવાની?

જેઠો : આ તો કે'વાય સંસાર ચાર દનનો સંસાર.

કોઈ વ્હેલું કોઈ મોડું કોઈ ટાઢથી કઅ્ તાવથી એક્સિડન્ટથી કઅ્ કોઈ હાથે કરીનઅ્

મેઠો : જેનું જે બ્હાને લખ્યું હોય મોત એ જ બ્હાને ઈનઅ્ છઅ્ જવાનું આપણે હૂં કરવાના ભઈ?

બેઠો અજાર હાથવાળો!

જેઠો : ઈની ઈચ્છા વનઅ્ તો પાંદડું ય આલી હકઅ્ નૈ અમથા! હૂં કલાસ છઅ્ આપણા?

મારઅ્ બધ્ધાં નઅ્ એ જ તારઅ્ બધ્ધાનઅ્.

મેઠો : આપણે વળી કોઈનઅ્ મારનારા કૂણ?

કોઈનઅ્ તારનારા વળી આપણે તો કૂણ?

જેના અસે જેવાં કર્મો એવા ફળ ઈમનઅ્ મળવાના હો હૌ ના ત્યારે મરવાના.

મરવા નઅ્ મારવાની વાતો તું છોડ કસી નહીં મજા!

જેઠો : અમથા, તું આટલથી વાત વાળી ભર, હેંડ તારી વેવાણનઅ્ દબાઈન કઈશું બે વાત.

તારી દીકરીના વાંહે કરશે પુન-દાન કરસે ધર્માદુ!

અમથો : પણ મારી ફૂલ જેવી છોડીનઅ્ જીવતી હળગાઈશ મેઠાભઈ.

મેઠો : તારી છોડીનો જીવ ટાઢો થાય! ભઈ જનારું જ્યું અવઅ્ પાછું તો આવવાનું નૈ

ગમઅ્ ઈમ કર કાંય વળવાનું નૈ!

અવઅ્ જનારા જીવની ગતિનું વિચાર!

જેઠો : જનારા જીવની શાંતિનું વિચાર!

ઈના વાંહે કરાઈશું પુન-દાન તારી વેવાણ જોડેથી લઈસું લ્યા દોઢ-બે અજાર

કરાઈસું ધર્માદું.

મેઠો : ઈનું બેહાડાઈસું સપ્તાહ ભઈ વાળી ભર વાત!

અમથો : એકકેયનઅ્ સોઠવાનો નૈ જેલ ભેગા કરું તારઅ્ જ્યું!

મેઠો-જેઠો : (બંને એકસાથે) નૈ માનઅ્ તો અમે જ છીએ આગળ તારાં છોકરાં અજુ બે કુંવારા.

જેઠો : જોઈએ ઈમનઅ્ કન્યાઓ કુણ આલસે!

મેઠો : જોઈએ દોયડી ચયો હાહરો બાંધશે!

અમે ઊભા આગળ ન આગળ.

બંને : અલ્યા અમથા, તું માની જા વાત! લે, હેંડ તારી વેવાણ જોડે. બોલો પંચ ભગવાનની જે!

(અમથો લાચાર બની જમીનદોસ્ત થઈ જાય છે. પંચાતિયા અમથાને તેની વેવાણ પાસે લઈ જાય છે.)

સૂત્રધાર : ભડ ભડ બળતી ચિતા લખડીની ભઈ, ટાઢી ધીરે ધીરે પડવા માંડી

ચિતા ઠરવા માંડી રાખ, ઠરવા માંડી ચિતા ટાઢી કરીનઅ્ હાડકાં થોડાં નાખ્યાં લોટામઅ્.

(વિનિયો અને સાસુ વિનિયાના હાથમાં અસ્થિકળશ છે તે મંચની આજુબાજુ ગોળ ચક્કર મારી અસ્થિ પધરાવે છે.)

પધરાવવા રેવાજીમાં - સરસ્વતીમાં હરાવવા રેવાજી - સરસ્વતીમાં બધા ઘેર આયા.

ચાંય લખડી જોવા મળઅ્ નૈ ભડભડ બળેલી પેલી લખડી જોવા મળઅ્ નૈ!

ત્રાસ આવી બળી મરવા મજબૂર કરેલી એક અબળા જોવા મળઅ્ નૈ!

ધર્માદા થાય ઈમઅ્ લખડી જોવા મળઅ્ નૈ!

ભજનના તાલમઅ્ બખડી જોવા મળઅ્ નૈ!

મંજીરા તંબૂરા વાગ્યા કરઅ્ ઈમં

લખડી જોવા મળઅ્ નૈ!

રામાયણ મહાભારત વંચાતા જાય ઈમં

લખડી જોવા મળઅ્ નૈ!

અલ્યા રઘલા!

તું પૂછે નૈ હું થૈ જ્યું આ?

આ તો કસ્સુંય નહિ બન્યું રઘલા

બસ એકાદી રકાબી ફૂટી લ્યા રઘલા

આ તો કાંય નહીં થ્યું રઘલા!

એક રકાબી ફૂટી!

આ તો એક રકાબી ફૂટી!

સૂત્રધાર : ઢોલ વગાડે છે! વિનિયો નવાં લગ્ન કરે છે!

આજુ-બાજુનાં પાડોશી ગીતો લલકારે છે.

અમારઅ્... ઘેર વિના ભાઈના વિવાઅ્...

વિવામઅ્ વેલા આવજો...

(પછાત અને શોષિત સમુદાયોમાં થતી લગ્નની વિધિ માઈમમાં કરવી.)

(નવી વહુના હાથે રકાબી ફૂટે છે. વિનિયો અને સાસુ બે'ઉ નવી વહુ ઉપર હાથ ઉગામે છે. નવી વહુ જાગૃત અને શિક્ષિત હોવાથી પતિ અને સાસુના જુલ્મ સામે બુલંદ અવાજ સાથે પતિ અને સાસુનો હાથ રોકી લે છે.)

સૂત્રધાર : (ગીત)

જાગ મારી બે'ના હવે જિન્દગી બદલવા

તારે રોજ રોજ સ્હેવું અહીં શોષણ શાને?

બધાં પાત્રો : તારે જિંદગીભર સ્હેવું અહીં શોષણ શાને?

**સમાપ્ત**